પોલીસ કમિશ્નરની કચેરી, અમદાવાદ શહેર.

શાહીબાગ, અમદાવાદ

વિશેષશાખા, કચેરી ટેલીફોન નં-૦૭૯૨૫૬૩૩૪૦૦

Email:Spl1-ahd@gujarat.gov.in


:- **જાહેરનામું** :-

**ગુજરાત નશાબંધી અધિનિયમ-૧૯૪૯ ની કલમ-૧૪૨ તથા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ કાઢેલ હુકમ**

**ક્રમાંક: વિશેષ શાખા/ એ સેકશન/૧૩/૨૦૨૫ તા.૨૮/૦૧/૨૦૨૫**

રાજ્ય ચૂંટણી આયોગ, સચિવાલય ગાંધીનગરના ક્રમાંક:ઇએલસી-સી.ઓ.સી.-૩(૮)-૦૧૨૦૨૫-ક તા.૨૧/૦૧/૨૦૨૫ના સુચના પત્ર દ્વારા આદેશો બહાર પાડવામાં આવેલ છે. જે અન્વયે અમદાવાદ શહેર પોલીસ કમિશનર હદ વિસ્તારના હુકમત હેઠળ આવતા ઘાટલોડીયા વોર્ડ નં.૭ માં તેમજ જીલ્લા પંચાયત પેટા ચૂંટણી અન્વયે ૧ અસલાલી માટે જેતલપુર ગામના હદ વિસ્તારના મતદારો આદર્શ લોકશાહી પ્રણાલીની પ્રતિતી કરાવે તેવી શાંત, સ્વચ્છ અને નિષ્પક્ષ ચૂંટણી યોજાય તેવું વાતાવરણ સર્જવા ચૂંટણી દરમ્યાન નશીલા પદાર્થોના ઉપયોગની અસર અને જાહેર જીવનને પરેશાન કરે તેવી શક્યતા નિવારવા કાયદો અને વ્યવસ્થાની જાળવણી સુનિશ્ચિત કરવા તેમજ જાહેર શાંતિ અને સલામતી જળવાઈ રહે તે માટે દારૂ અને નશાયુકત પદાર્થોનું વેચાણ કે, પિરસવાનું અટકાવવું જરૂરી છે.

વાસ્તે હું જી.એસ.મલિક, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર ગુજરાત નશાબંધી અધિનિયમ-૧૯૪૯ ની કલમ-૧૪૨ તથા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ નીચે પ્રમાણે ફરમાવું છું.

અમદાવાદ શહેર પોલીસ કમિશનર હદ વિસ્તારમાં આવેલ દારૂ અને નશાયુકત પદાર્થોના વેચાણ માટેના પરવાના ધરાવનારાઓએ સ્થાનિક સ્વરાજ્યના સંસ્થાઓની સામાન્ય /મધ્યસત્ર/પેટા ચૂંટણી-૨૦૨૫ અન્વયે તા.૧૪/૦૨/૨૦૨૫ ના કલાક ૧૮/૦૦ થી તા.૧૬/૦૨/૨૦૨૫ ના કલાક ૨૪/૦૦ સુધી (બંન્ને દિવસો સહિત) તેમજ તા.૧૮/૦૨/૨૦૨૫ ના રોજ એટલે કે મતગણતરીના દિવસે સવારના કલાક ૦૬/૦૦ થી રાત કલાક ૨૪/૦૦ સુધી દારૂ અને નશાયુકત પદાર્થોનું વેચાણ થતું હોય તેવા દુકાન/રેસ્ટોરેન્ટ/કલબ કે અન્ય કોઈપણ સ્થળ બંધ રાખવા.

આ હુકમનો ભંગ/ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા (BNS)-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ તથા ગુજરાત નશાબંધી અધિનિયમ-૧૯૪૯ ની કલમ-૬૮ તથા ૯૦ ની જોગવાઈ મુજબ તેમજ લોક પ્રતિનિધિત્વ સુધારા અધિનિયમ-૧૯૯૬ દ્વારા દાખલ કરવામાં આવેલ લોક પ્રતિનિધિત્વ સુધારા અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૫ મુજબ કેદ અથવા દંડ અથવા બંન્ને શિક્ષાને પાત્ર થશે.

હું આથી આદેશ આપું છું કે, આ હુકમની જાહેરાત નિર્દેશ કરેલ વિસ્તારોમાં સહેલાઇથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડી, અમદાવાદ શહેર પોલીસના તમામ Social media એકાઉન્ટસ ઉપર તેમજ સ્થાનિક વર્તમાન પત્રો, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્રો ઉપરથી બહોળી પ્રસિધ્ધી કરાવવી.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા સ્પેશિયલ/સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પો.સ.ઇ. સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો

ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહિતા (BNS)-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૨૮/૦૧/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

(જી.એસ.મલિક)
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

પોલીસ કમિશનર અમદાવાદ શહેર

નકલ સવિનય રવાના:

(૧) અગ્ર સચિવશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર, ગુજરાત સરકાર.
(૨) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજય, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૩) પોલીસ મહાનિર્દેશક અને મુ.પો.અધિ.શ્રી,ગુ.રા, ગાંધીનગર.
(૪) અધિક પો.મહાનિદેશકશ્રી(ઈન્ટે), ગુ.રા, ગાંધીનગર.
(૫) પોલીસ કમિશનરશ્રી, સુરત, વડોદરા, રાજકોટ શહેર.
(૬) મ્યુનિસિપલ કમિશનરશ્રી, અમદાવાદ શહેર.
(૭) નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી,દાણાપીઠ,અમદાવાદ શહેર.
(૮) કલેકટરશ્રી, જીલ્લા ચૂંટણી અધિકારી અમદાવાદ શહેર/ગાંધીનગર.
(૯) નિયામકશ્રી, માહિતી ખાતુ, ગુ.રા, ગાંધીનગર.
(૧૦) સંયુકત માહિતી નિયામકશ્રી, બેરેક નં-૦૩, આંબાવાડી, પોલીટેકનીક, અમદાવાદ શહેર.
(૧૧) રજીસ્ટ્રારશ્રી, હાઈકોર્ટ, ગુ.રા, અમદાવાદ શહેર.
(૧૨) રજીસ્ટ્રારશ્રી, સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર.
(૧૩) રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ટ, મીરઝાપુર, અમદાવાદ શહેર.
(૧૪) ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ શહેર.
(૧૫) સિનિયર સરકારી વકીલશ્રી, અમદાવાદ શહેર.
(૧૬) સંયુકત/ અધિક પોલીસ કમિશનરશ્રી, સેકટરટર-૧,૨/ ક્રાઈમ બ્રાંચ/ મુખ્ય મથક/ ટ્રાફીક શાખા.
(૧૭) મેનેજરશ્રી, ગર્વમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા તરફ ગેજેટ ભાગ-૦૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ તેમજ પાંચ નકલો અત્રે વિશેષ શાખાને મોકલી આપવી, અમદાવાદ શહેર.
(૧૮) તમામ નાયબ પોલીસ કમિશનરશ્રીઓ, અમદાવાદ શહેર.
(૧૯) નાયબ પોલીસ કમિશનરશ્રી (ઈન્ટે), અમદાવાદ શહેર.
(૨૦) નોડલ અધિકારીશ્રી અને નાયબ પોલીસ કમિશ્નરશ્રી કંટ્રોલ રૂમ (અમદાવાદ શહેર પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા સારૂ.
(૨૧) તમામ મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓ, અમદાવાદ શહેર.
(૨૨) જનસંપર્ક અધિકારીશ્રી, (સ્થાનિક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરવા)
(૨૩) તમામ પો.ઈન્સશ્રીઓ,અમદાવાદ શહેર.( જાહેર જગ્યાઓએ નકલો ચોંટાડી જાહેરાત કરાવવા સારૂ)
(૨૪) મદદનીશ પોલીસ કમિશનરશ્રી, એસ.ઓ.જી, અમદાવાદ શહેર.
(૨૫) પો.ઈન્સશ્રી, રેલ્વે એસ.ઓ.જી, કાલુપુર રેલ્વે સ્ટેશન, અમદાવાદ શહેર.
(૨૬) પો.ઈન્સશ્રી, અમદાવાદ રેલ્વે સ્ટેશન.
(૨૭) પો.ઈન્સશ્રી, સાબરમતી રેલ્વે સ્ટેશન.

(૨૮) પો.ઇન્સ.શ્રી કોમ્પ્યુટર શાખા, પોલીસ કમિશ્નરશ્રીની કચેરી (C.P. Ahmedabad website ઉપર પ્રસિધ્ધ કરવા સારૂ.

(૨૯) મ.પો.કમિ.શ્રી સાયબર ક્રાઈમ (અમદાવાદ શહેર પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા સારૂ)

(૩૦) જીલ્લા ચૂંટણી અધિકારીશ્રી અમદાવાદ કલેકટર કચેરી સુભાષબ્રિજ સર્કલ પાસે, સાબરમતી

(૩૧) મુખ્ય ચૂંટણી અધિકારીશ્રી ગુજરાત રાજ્ય, ગાંધીનગર.